વોર્ડ કક્ષાની બાળ સુરક્ષા સમિતિની
રચના કરવા બાબત.

....................................................

**ગુજરાત સરકાર,**
**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,**
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૯/૫૭૨૨૯૫/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૧/૧૨/૨૦૨૦

વંચાણે લીધાઃ

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૧/આઈસીપીએસ/છ, તા.૨૦/૦૧/૨૦૧૧.
(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૩/૨૫૦૯૬૪/છ, તા.૨૧/૦૯/૨૦૧૬.
(૩) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જીએસસીપીએસ/જે.સી.એલ./૧૧૪/૨૦૧૯-૨૦/૨૨૮૪, તા.૨૬/૦૪/૨૦૧૯.

પ્રસ્તાવનાઃ

દેશમાં બાળકોને સુરક્ષિત વાતાવરણ પુરૂં પાડવા અને તેમનો વિકાસ કરવા માટે વિવિધ યોજનાઓ અમલમાં હતી. ભારત સરકાર દ્વારા આવી યોજનાઓને એક છત્ર હેઠળ લાવી સંકલિત બાળ સુરક્ષા યોજના (Integrated Child Protection Scheme) અમલમાં મુકવામાં આવેલ છે.

ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજનાની માર્ગદર્શિકામાં તેમજ ગુજરાત જુવેનાઇલ જસ્ટિસ રૂલ્સમાં બાળ સુરક્ષા સમિતિ, જિલ્લા બાળ સુરક્ષા સમિતિ, તાલુકા કક્ષાની બાળ સુરક્ષા સમિતિ, શહેરમાં વોર્ડ કક્ષાની બાળ સુરક્ષા સમિતિ તથા ગ્રામ્ય કક્ષાની બાળ સુરક્ષા સમિતિની રચના કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧)ના તા.૨૦/૦૧/૨૦૧૧ના ઠરાવથી રાજ્ય બાળ સુરક્ષા સમિતિ તથા જિલ્લા બાળ સુરક્ષા સમિતિ અને વંચાણે લીધેલ ક્રમાંક: (૨)ના તા.૨૧/૦૯/૨૦૧૬ના ઠરાવથી તાલુકા કક્ષાની બાળ સુરક્ષા સમિતિ તથા ગ્રામ્ય કક્ષાની બાળ સુરક્ષા સમિતિની રચના કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૩)ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીના પત્રથી વોર્ડ કક્ષાની બાળ સુરક્ષા સમિતિની રચના કરવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે સંકલિત બાળ સુરક્ષા યોજનાના અસરકારક અમલ માટે નીચે જણાવ્યા મુજબ વોર્ડ કક્ષાની બાળ સુરક્ષા સમિતિની આથી રચના કરવામાં આવે છે.

**વોર્ડ કક્ષાની બાળ સુરક્ષા સમિતિ**

| ક્રમ. | સભ્યોની વિગત. | હોદ્દો |
|---|---|---|
| ૧. | વોર્ડના ચુંટાયેલા મોસ્ટ સિનિયર કાઉન્સિલર | અધ્યક્ષ |
| ૨. | સ્થાનિક શાળાના આચાર્યશ્રી | સભ્ય |
| ૩. | સ્થાનિક પોલિસ સ્ટેશનના ચાઈલ્ડ વેલફેર પોલીસ ઓફીસર(CWPO) | સભ્ય |
| ૪. | વોર્ડ કક્ષાના સબસેન્ટરના આરોગ્ય વર્કર | સભ્ય |
| ૫. | સરકારી શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્ય | સભ્ય |
| ૬. | બાળ પ્રતિનિધિ (૧૨-૧૮ વર્ષ), સ્થાનિક સરકારી શાળાના બે બાળકો - ૧(છોકરો), ૧(છોકરી) | સભ્ય |
| ૭. | ચાઈલ્ડ લાઈનના પ્રતિનિધિ. | સભ્ય |
| ૮. | સ્થાનિક વોર્ડના આશા વર્કર / ઉષા વર્કર | સભ્ય |
| ૯. | આંગણવાડી વર્કર | સભ્ય સચિવશ્રી |
| ૧૦ | એનજીઓ/સીબીઓના પ્રતિનિધિ (અધ્યક્ષ દ્વારા નિયુક્ત) | સભ્ય |
| ૧૧. | સ્થાનિક વેલ્ફેર એસોસિયેશન /માર્કેટ એસોસિયેશન/ક્લબ/યુથ પ્રતિનિધિ/મહિલા નેતા/શહેરી સ્થાનિક સંસ્થા પ્રતિનિધિ (અધ્યક્ષ દ્વારા નિયુક્ત) સભ્ય | સભ્ય |
| ૧૨. | આમંત્રિત મહેમાન (અધ્યક્ષ દ્વારા આમંત્રિત) | સભ્ય |

<u>વોર્ડ લેવલ ચાઇલ્ડ પ્રોટેક્શન કમિટીની ભૂમિકા અને જવાબદારીઓઃ-</u>

૧. વોર્ડ લેવલની કમિટીએ કાયદાના સંઘર્ષ/સંપર્ક અને કાળજી અને રક્ષણની જરૂરીયાત વાળા બાળકોના માટે કામગીરી કરવાની રહેશે.

૨. બાળકો પર થતા હિંસાના બનાવોને રોકવા માટે વોર્ડના આસપાસના લોકોમાં તથા બાળકોમાં જાગૃતિનો અભિગમ કેળવવાનો રહેશે.

૩. બાળકોના રક્ષણ માટે, બાળ મજૂરી રોકવા, બાળ લગ્ન રોકવા અને રોજગારના હેતુસર સ્થળાંતર થતા સમુદાયમાં જાગૃતિ લાવવાની રહેશે.

૪. બાળકો તથા માતા-પિતાને બાળકોને શાળાએ મોકલવા માટે પ્રોત્સાહિત કરવાના રહેશે.

૫. બાળકોના રક્ષણ સામેના નુકશાનકારક રીવાજોને અટકાવવાના રહેશે. દા.ત. કોઇ પણ પ્રકારનું શોષણ (ગર્ભપાત, બાળ લગ્ન, શારીરીક ઇજા, બાળ મજૂરી વગેરે)

૬. સારી બાબતો જેમ કે જન્મ નોંધણી, આધારકાર્ડ નોંધણી, શાળામાં નોંધણી, સ્થળાંતર થતા બાળકોની નોંધણી કરાવવી વગેરે બાબતોને પ્રોત્સાહન આપવું.

૭. બાળકો અને બાળ સંરક્ષણના શ્રેષ્ઠ હિતમાંની કોઈપણ અન્ય પ્રવૃત્તિઓ.

૮. વોર્ડ વિસ્તારોમાં બાળ સંરક્ષણ મુદ્દાઓ પર જાગરૂકતા વધારવા માટે વોર્ડ લેવલ ચાઇલ્ડ પ્રોટેક્શન કમિટી રેસિડેન્ટ વેલ્ફેર એસોસિયેશન, ચેમ્બર ઑફ કોમર્સ અને અન્ય માનસિક સિવિલ સોસાયટી સંસ્થા સાથે જોડાઈ શકે છે.

૯. વોર્ડ સ્તરે/શાળા સ્તરે બાળકોની ભાગીદારી અને બાળકોના જૂથની રચનાને પ્રોત્સાહન આપવા અને પ્રોત્સાહિત કરવા.

૧૦. સંદર્ભ સેવાઓ માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીનો સંપર્ક કરી શકાશે.

૧૧. મહાનગરપાલિકા તથા નગરપાલિકા દ્વારા તમામ વોર્ડ કક્ષાની બાળ સુરક્ષા સમિતિની રચના કરી તેના ઠરાવો જિલ્લા સમાજ સુરક્ષા કચેરી/જિલ્લા બાળ સુરક્ષા અધિકારીને આપવાનાં રહેશે.

૧૨. આ સમિતિ માટે સરકારશ્રી દ્વારા કોઇ અલાયદી ગ્રાન્ટ કે અનુદાન મળવા પાત્ર થશે નહી.

કોષ્ટકમાં જણાવ્યા મુજબ વોર્ડ કક્ષાની બાળ સુરક્ષા સમિતિમાં જે તે મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓના વોર્ડોમાં મહત્તમ જેટલાં સભ્યશ્રીઓની

ઉપલબ્ધતા હશે તે મુજબના સભ્યશ્રીઓની નિમણૂક, મહાનગરપાલિકાઓના કિસ્સામાં મેયરશ્રી/કમિશનરશ્રી દ્વારા અને નગરપાલિકાઓના કિસ્સામાં પ્રમુખશ્રી/ચીફ ઓફીસરશ્રી દ્વાર કરવાને રહેશે તથા સભ્યશ્રીઓની ઉપલબ્ધતા મુજબ જરૂર જણાયે એક કરતાં વધુ વોર્ડોની સમિતિમાં એક નિશ્ચિત હોદ્દો ધરાવતાં સરખાં સભ્યશ્રીઓની નિમણૂક થઇ શકશે.

શહેરી વિસ્તારના પ્રશ્નોની ચર્ચા તથા નિવારણ માટે વોર્ડ કક્ષાની બાળ સુરક્ષા સમિતિની બેઠક દર ત્રણ માસે યોજવાની રહેશે અને તેની રજૂઆત/ભલામણ મહાનગરપાલિકાઓના કિસ્સામાં મેયરશ્રી/કમિશ્નરશ્રીને અને નગરપાલિકાઓના કિસ્સામાં પ્રમુખશ્રી/ચીફ ઓફીસરશ્રીને કરવાની રહેશે તથા સમિતિની બેઠકમાં થયેલ કાર્યવાહીની જાણ જિલ્લા બાળ સુરક્ષાની કચેરીને કરવાની રહેશે. ઉપરાંત આ સમિતિની મુદત ત્રણ વર્ષની રહેશે.

મહાનગરપાલિકા કક્ષાએ સમિતિના અધ્યક્ષની પસંદગી કરવાની સત્તા તે મહાનગરપાલિકાના મેયરશ્રી/કમિશ્નરશ્રીની અને નગરપાલિકા કક્ષાએ સમિતિના અધ્યક્ષની પસંદગી કરવાની સત્તા તે નગરપાલિકાના પ્રમુખશ્રી/ચીફ ઓફીસરશ્રીની રહેશે. ઉપરાંત કોષ્ટકમાં જણાવ્યા મુજબના અધ્યક્ષ અને સભ્યશ્રીઓ પૈકી મહત્તમ સભ્યશ્રીઓ સાથેની વોર્ડ કક્ષાની બાળ સુરક્ષા સમિતિની રચના કરવા માટેની જવાબદારી કમિશ્નરશ્રી/ચીફ ઓફીસરશ્રીની રહેશે અને કોષ્ટકમાં જણાવ્યા મુજબના હોદ્દાઓની મર્યાદામાં વોર્ડમાં ઉપલબ્ધતાને ધ્યાને લઇ આ સમિતિમાં ફેરફાર કરવાની અંતિમ સત્તા પણ કમિશ્નરશ્રી/ચીફ ઓફીસરશ્રીની જ રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટસ, બ્લોક નં.૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ, ગુજરાત રાજ્ય.
- સર્વે મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીઓ, ગુજરાત રાજ્ય.
- સર્વે નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રીઓ, ગુજરાત રાજ્ય.
- સર્વે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય. (મારફતઃ સી.ઈ.ઓ., જી.એસ.સી.પી.એસ)
- સર્વે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય. (મારફતઃ સી.ઈ.ઓ., જી.એસ.સી.પી.એસ)
- સર્વે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય. (મારફતઃ સી.ઈ.ઓ., જી.એસ.સી.પી.એસ)

નકલ સવિનય રવાના:

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા. ન્યા. અને અધિ. વિભાગ. વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ.